# વિસનગરમાં મહિલા પર દુષ્કર્મ આચરીને નિર્મમ હત્યા

મહેસાણા, તા.૧૧

મહેસાણા ખાતે વિસનગર રોડ પર આવેલ તિરૂપતિ ગ્રીન સોસાયટીના એક મકાનમાં ધોળા જ દિવસે કોઈ ચોર ઈસમે ઘરકામ કરતી એક મહિલા પર દુષ્કર્મ આચરીને નિર્મમ હત્યા કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં શહેરમાં ભારે ભય સાથે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે મહેસાણા શહેરની રાજેશ્વરી સોસાયટી સામે રહેતા ભાખીબેન હિંમતસિંહ ઠાકોર, ઉ.વ.૪૨ નામની મહિલા વિસનગર રોડ પરની તિરૂપતિ ગ્રીન સોસાયટીમાં આવલ એક વ્યકિતના બંગલે કામ કરતા હોઈ નિત્યક્રમ મુજબ આ મહિલા સવારના સમયે બંગલામાં કામ કરવા ગયા હતા. દરમિયાન આ દિવસે બંગલાના માલિક પરિવાર સહ અમદાવાદ જવા નીકળ્યા હતા જેથી ઘરકામ વાળી મહિલા એકલી જ ઘરમાં હતી ત્યારે કોઈ હરામખોરો આ બંગલામાં ઘુસી ગયા હતા અને કહે છે કે મહિલા સાથે દુષ્કર્મ કરી તેણીની નિર્મમ હત્યા કરી કયાંક ફરાર થઈ ગયા હતા. હત્યારાઓએ બંગલામાં સામાન ફંફોસીને વેરવિખેર કર્યા બાદ લુંટ ચલાવી હોવાનું પણ ચર્ચાય છે.

દરમિયાન સાંજ સુધી ઉપરોકત મહિલા પોતાના ઘરે ન પહોંચતા તેણીના વાલીવારસો બંગલે ગયા હતા જયાં બેડ પર અર્ધ નિર્વસ્ત્ર હાલતમાં લોહીથી ખરડાયેલ હાલતમાં લાશ જોઈને ભાંગી પડયા હતા. આ ઘટનાની જાણ થતાં મકાન માલિક મહેસાણા દોડી આવ્યા હતા. બાદ પોલીસને જાણ થતાં શહેર બી ડીવીઝન પો.ઈ. એલ.સી.બી. સ્ટાફ, ડીવાયએસપી, ડોગ સ્કવોર્ડ, એફએસએલની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસનો દોર શરુ કર્યો હતો પોલીસે મહિલાની લાશને પોસ્ટમોર્ટમ માટે મહેસાણા હોસ્પિટલમાં લઈ ગયા હતા. છેલ્લે મળતી માહિતી મુજબ ધોળા દિવસે મહિલા ની નિર્મમ હત્યાની ઘટનાથી ભાંગી પડેલ પરિવારજનોએ પોલીસ સામે રોષ વ્યકત કરી લાશ લેવાનો ઈન્કાર કરતા મામલો ગરમાયો છે. વાઈબ્રન્ટ સમિટમાં બંદોબસ્ત માટે જિલ્લામાંથી મોટી સંખ્યામાં પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ મોકલ્યા હોઈ શહેરમાં પોલીસની પાંખી હાજરીને લઈને શહેરીજનોએ પણ આક્રોશ વ્યકત કર્યો હતો.

મહેસાણા શહેર સહિત સમગ્ર જિલ્લામાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે ગંભીર પ્રકારના ગુનાઓના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. આ સાથે અસામાજીક પ્રવૃત્તિઓનો વ્યાપ વધી જતાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ભાંગી પડી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. રાજયના ગૃહપ્રધાનના જિલ્લામાં જ કાયદો અને વ્યવસ્થાની સ્થિત કથળી જતાં લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

## મધ્યાહ્ન ભોજનમાં મેનુની ઐસીતૈસી દરરોજ ખીચડી બાફીને અપાય છે : બાળકોમાં ઝાડા ઉલ્ટી

મોડાસા, તા. ૧૧

સરકારની યોજનાઓ જનતા માટે સારી છે પરંતુ યોજનાઓ ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચતી નથી અને ખરેખર જે લાભ મળવો જોઈએ તે મળતો નથી. અને ભ્રષ્ટાચારા વધતો જાય છે. નિરીક્ષણમાં પણ ભ્રષ્ટાચાર અને હોતી હૈ ચલતી હૈ જેવો ઘાટ થાય છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં પણ આવો જ રીત રસમ જોવા મળે છે. ઘણા વાલીઓની ફરિયાદ છે કે બાળકોને દરરોજ એટલે કે અઠવાડિયામાં ૪ દિવસ તો માત્ર ચોખા બાફીને આપવામાં આવે છે. મેનુ પ્રમાણે કંઈ પણ અમલ થતો જ નથી. શાળામાં નિરીક્ષણ થતુ નથી કે તાલુકામાંથી કોઈ અધિકારી પણ નિરીક્ષણ માટે મુલાકાત લેતા નથી. માત્ર પગાર વખતે સમજી લેવાય છે. આ રીતે રસમથી સંચાલકો પણ કંટાળ્યા છે. અને કોઈક દિવસ કટકી વખતે પકડાવી દેવામાં આવે તો નવાઈ પણ નહી.

વાલીઓ જણાવે છે કે દરરોજ ખીચડી બાફીને આપવાથી બાળકોને ઝાડા-ઉલ્ટી થાય છે જેથી બાળકો શાળાએ જતાં બંધ થઈ જાય છે. જો કે શાળાની સંખ્યાના પ્રમાણમાં ૬૦ ટકા બાળકો જ મધ્યાહન ભોજનનો લાભ લે છે. બાકીના બાળકો તો અસ્વચ્છ વાસણો, પાણીની પણ અસ્વચ્છતા અને કાચા પાકા ખોરાકથી બાળકો નાસ્તો લેતા જ નથી. પણ ખોટી હાજરી પુરીને નાસ્તો ઉધારી દેવાય છે. આ રીતરસમ મોટા ભાગે જોવા મળે છે. પરંતુ ટકાવારી હોવાથી કોઈ તપાસ નથી માત્ર બાળકોમાં રોગચાળો વધે છે તે નફામાં. મેનુનો અમલ કોઈ શાળામાં થાય છે ખરો ? એક વાલીએ પ્રશ્નના જવાબમાં જણાવેલ.

## ઉતરાયણ પર્વને મોઘવારીનુ ગ્રહણ નડયુ પતંગ-દોરીની કિંમતમાં આ વખતે ૨૫ ટકા જેટલો ભાવ વધારો

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા. ૧૧

ઉતરાયણ ના પર્વ ને હવે ગણતરી ના દિવસો જ બાકી રહયા છે ત્યારે જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વીસ્તારોના બજારો માં પતંગ ની ખરીદી માટે ધમધમાટ શરૂ થઈ ગયો છે. તો પતંગ ના આર્કષણમાં ની કિંમત માં ૨૫ ટકા જેટલી રકમ નો ભાવ વધારો હોવાથી આ વખત પતંગ ચકાવનાર પતંગરિયાઓ ના ખીસ્સા પર ભાર પડનારો છે.

જયારે પતંગ રસિયાઓ મોઘવારી ને નજર અંદાજ કરી તરાયણ ના મહાપર્વ ને રંગેચંગે મનાવવા



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

નરેન્દ્ર મોદી અને જો બકા ફીલ્મી પોસ્ટરો અને ફીલ્મી અધિનેતા સહિતની ડીઝાઈન વાળા પતંગ ની માંગ વધુ છે. મોઘવારી ની અસર પતંગના હર્ષોલ્લાસ તહેવાર ને પણ થઈ છે. તેમ ગત સાલ કરતાં ચાલુ સાલે પતંગ ને દોરી ની કીંમત માં ૨૫ ટકા જેટલો વધારો થવા પામ્યો છે.

ગમે તેવી સમસ્યા ને નજર અંદાજ કરી ને ત્સવો અને પર્વો ને ચારે ઉલ્લાસ થી જવતા જિલ્લાજનો ને આ વર્ષો પણ ખીસસા પર માર પડવાનો નકકી જ છે કેમ કે ગત વર્ષ ની સરખામણી માં આ વર્ષે પતંગ અને દોરી માટે અંદાજે બે કરોડ રપિયાનો ખર્ચ કરી નાખશે દિવાળીના તહેવાર બાદ લગભગ ત્રણેક માસ બાદ આવતા ઉતરાયણ પર્વ ને ઉજવવા જિલ્લાની પ્રજા થનગની રહી છે અને જેમ જેમ આ પર્વ નજીક આવતુ જાય છે તેમ તેમ બજારો માં પતંગરસીકો ની ભીડ જોવા મળે છે.જિલ્લા વાસીઓ ઉતરાયણ ના તહેવાર ને લઈ ને હમેશા ઉત્સાહી રહેતા હોય છે આ પર્વ ને હવે થોડાક દિવસો બાકી હોય આજથી પતંગ અને દોરી ખરીદવા માટે દરેક દુકાનો પર પતંગરસિકો ની ભીડ જામી છે.

## વિશ્વકર્મા પંચાલ સમાજ શામળાજીના હોદેદારો નિમાયા

### ત્રણ દિવસથી વિવિધ પ્રવૃત્તિઓ થાય છે : અદ્યતન ધર્મશાળા

મોડાસા, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ ખાતે છેલ્લા ત્રણ દસકાથી કાર્યરત વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતુ શામળાજી ખાતે મેશ્વો ડેમ જતા સામુહિક આરોગ્ય કેન્દ્ર પાસે આવેલ શ્રી વિશ્વકર્મા સેવા સંઘ પંચાલ સમાજનું વિશ્વકર્મા મંદિર અદ્યતન સુવિધાવાળી ધર્મશાળા આવેલ છે. જિલ્લાના ૨૦થી વધુ ગામોના પંચાલ ભાઈઓ વર્ષમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે મિલન મુલાકાત થાય છે. નૂતન વર્ષ મિલન સમારોહ, વિદ્યાર્થીઓને ધો. ૧૧ અને કોલેજ માટે માર્ગદર્શન, નોટબુકો રાહત દરથી અને નૂતન વર્ષે વિવિધ પ્રકારના ઈનામો સાથે વિદ્યાર્થીઓને સન્માન આપવામાં આવે છે.

છેલ્લા ૩ વર્ષથી વિશ્વકર્મા પંચાલ સમાજના પ્રમુખ તરીકે કુશકી ગામના શંકરલાલ ડાહ્યાલાલ પંચાલે આગવી રીતે મંદિરના વિકાસ માટે સુંદર સેવા બજાવેલી જેથી ચાલુ સામાન્ય સભામાં વરાયેલા સભ્યોમાંથી કારોબારી નિમવા માટે પૂર્વ પ્રમુખ શંકરલાલના વરદ હસ્તે યોજાયેલ જ્ઞાતિ સંઘના વિકાસ માટે સતત કાર્યશીલ એવા સભ્યોની પસંદગી થતા પ્રમુખ તરીકે દહેગામડાના કિશોરભાઈ બી. પંચાલ, મંત્રી રમેશભાઈ શંકરલાલ પંચાલ(ખેરચા), સહમંત્રી - કચરાભાઈ પંચાલ (પલ્લા), ખજાનચી તરીકે કનુભાઈ નાનજીભાઈ પંચાલ (તરકવાડા) અને ણનિધિના કન્વીનર તરીકે હસમુખભાઈ એસ. પંચાલ (ટીંટોઈ) વાળાની સર્વાનુમતે પસંદગી થતા અડાઆઠમ પંચાલ સમાજના પૂર્વ-પ્રમુખ છગુનભાઈ પંચાલે આવકારી સૌને ધન્યવાદ પાઠવ્યા હતા. નવીન કારોબારી અગાઉના વર્ષો કરતાં વિશેષ સુંદર સેવા બજાવી વિકાસ કરશે તેવી સૌ પંચાલ ભાઈઓની માગણી છે.

## પદ્મભૂષણ ડૉ. ધીરૂભાઈ ઠાકરની સ્મૃતિમાં થનાર કાર્યક્રમોને આખરી ઓપ

મોડાસા, તા. ૧૧

ધી. મ.લા. ગાંધી ઉ.કે. મંડળ અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સવ્યસાચી સારસ્વત પદ્મભૂષણ ડૉ. ધીરૂભાઈ ઠાકરની સ્મૃતિમાં સમગ્ર વર્ષ દરમિયાન અને દર વર્ષે થનારા કાર્યક્રમો અંગેની એક બેઠકનું આયોજન ડૉ. અરૂણભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યુજીસી હોલ કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું.

વિશ્વકોશ ટ્રસ્ટમાંથી કુમારપાળ દેસાઈ, હિનાબેન, નિતીનભાઈ શુકલ વગેરે અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પમી સપ્ટેમ્બરે પ્રતિ વર્ષ વ્યાખ્યાનમાળાનું આયોજન, ૨૩ ફેબ્રુઆરી મંડળના સ્થાપના દિને શિક્ષક પ્રતિભા એવોર્ડ તેમજ પ્રતિવર્ષ નાટ્ય શૉ, એકાંકી નાટ્યસ્પર્ધા, ક્વીઝ, પુસ્તક પ્રદર્શન વગેરેનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મંડળ તરફથી સુભાષભાઈ શાહ, નવીનભાઈ મોદી, સુરેન્દ્રભાઈ શાહ, મામા તથા ગામના શ્રેષ્ઠીઓમાં નિલેશભાઈ જોશી, નટુભાઈ શાહ, બિપીનભાઈ શાહ, ડૉ. જિજ્ઞેશભાઈ સુથાર, હેમંતભાઈ વણકર વગેરેએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.




(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

પ્રાથમિક શાળાના બાળકોથી માંડીને કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને સાંકળતા વિવિધ કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ માટે નક્કર પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. જાન્યુ. માસમાં વ્યાખ્યાન ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સંતોષ દેવકરે કર્યુ. અંતમાં સુભાષભાઈ શાહે આભાર વ્યક્ત કર્યો હતો.



મોડાસા શહેરમાં લાયન્સ કલબ સંચાલિત બહેરા મુંગા શાળામાં વિદ્યાર્થીઓને ઉત્તરાયણ પર્વે લાયન્સ પરિવાર દ્વારા પતંગ દોરી અને ઉંધીયા તેમજ નાસ્તાી વહેંચણી કરી હતી અને તેમની સાથે ઉત્તરાયણની ઉજવણી કરી હતી. કાર્યક્રમમાં પ્રમુખ પ્રવિણ પરમાર, કનુભાઈ પટેલ, ડો. જીતુભાઈ મરીનાબેન, ખિલન પટેલ સહિત લાયન્સ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : જય અમીન)

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ક્રિકેટ ટુર્નામેન્ટનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ક્રિકેટ ટુર્નામેન્ટનો કાર્યક્રમ યોજાયો હતો. અંગ્રેજી માધ્યમ, ગુજરાતી માધ્યમના ધો-૮, ૯, ૧૦ ના વિદ્યાર્થીઓએ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટએ ઉપસ્થિત રહી ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન કરાવ્યું હતું. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ પ્રથમ બેટીંગ કરતાં ૧૦ ઓવરમાં ૮૪ રન કર્યા હતા. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ૯ ઓવરમાં ૪ વિકેટો ગુમાવી ૮૫ રન કરી વિજય મેળવ્યો હતો. અંગ્રેજી માધ્યમ ધો.૮ નો વિદ્યાર્થી ગુલામ મકરાણીએ ૪૦ રન કરી મેન ઓફ ધ મેચ રહ્યો હતો. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સહમંત્રી નયનાબેન બારોટ, ડીરેક્ટર દેવાંગભાઈ બારોટ, પ્રિન્સિપાલ ટી. કે. પરમાર સહિત સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી બિરદાવ્યા હતા.

## વડાગામમાં છોટા મોરારીબાપુ રામકથા સાથે સ્વચ્છતા અભિયાન

વડાગામ, તા. ૧૧

ભારતદેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભારતને સુંદર અને સ્વચ્છ બનાવવા માટે આદરેલા અભિયાન ‘સ્વચ્છતા અભિયાન’ સાથે સમગ્ર દેશનો દરેક માણસ સંકળાયેલો છે.



ત્યારે આ અભિયાનમાં સાધુ સંત સમાજ પણ જોડાતાં લોકોના મન સાફ સાથે સાથે શહેરો પણ સ્વચ્છ બનશે.

અરવલ્લી જિલ્લાના વડાગામમાં ગુજરાતના ક્રાંતિકારી સંત ‘છોટે મોરારી બાપુ’ બળવંતપુરા (જી. મહેસાણા) દ્વારા રામકથાનું રસપાન તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૯-૧-૨૦૧૫ સુધી કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. જેમાં છોટા મોરારીબાપુએ ભક્તોએ આપેલા ફાળાનું દિકરીઓના અભ્યાસ માટે (કન્યા કેળવણી અભિયાન) અંતર્ગત બાપુ ગરીબ છોકરીઓને શાળામાં પ્રવેશ અપાવી ભક્તોએ આપેલા ફાળામાંથી ચૂકવવામાં આવે છે. તેમજ દિકરીઓને અભ્યાસ માટે જરૂર પડતી સમગ્ર સાધનો તેમજ જરૂરીયાતમંદ વસ્તુઓ પુરી પાડવામાં આવી. મહિલાઓને શિક્ષણ પ્રાપ્ત કરવા અથાગ પ્રયત્નો કરવામાં આવે છે. વડાગામમાં ચાલી રહેલી રામકથા સાથે સાથે ગઈકાલ ૮ તારીખે સવારે છોટે મોરારીબાપુએ વડાગામને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વડાગામની મેઈન બજાર અને બસસ્ટેન્ડ એરીયામાં ભક્તજનો સાથે લોકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતતા કેળવાય તેવા અથાગ પ્રયત્ન થકી બાપુએ વડાગામને સ્વચ્છ બનાવ્યુ હતુ. તેમજ છોટામોરારી બાપુએ ૧૦૮ ગામને સ્વચ્છતા અભિયાન સાથે જોડવાનો નિર્ધાર કરેલ છે. જેમાં છોટા મોરારી બાપુએ દહેગામથી શરૂઆત કરી કપડવંજ, સેવાલિયા, કઠલાલમાં સ્વચ્છતા અભિયાન સાથે વડાગામને પણ જોડવામાં આવ્યુ હતુ.

## ઊંઝા તાલુકાના પીઢ સહકારી અગ્રણી બી.કે. પટેલનું અવસાન

ઊંઝા, તા. ૧૧

ઊંઝા નજીકના ઉનાવા ગામના પૂર્વ સરપંચ અને ઉનાવા બજાર સમિતિના ચેરમેન એવા પીઢ સહકારી અગ્રણી બબલદાસ કાનજીદાસ પટેલનું દુ:ખદ અવસાન થયેલ છે. ઉનાવા સ્થિત તેમના નિવાસસ્થાનેથી પાર્થિવદેહને ઉનાવા માર્કેટયાર્ડમાં લઈ જવાયો હતો. બજારના વેપારીઓ, તાલુકા જિલ્લાના પ્રજાના પ્રતિનિધિઓ, સહકારી આગેવાનો, સમાજના લોકો, સ્થાનિક ગ્રામજનોએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. અવસાનથી સમગ્ર તાલુકા સહિત જિલ્લાભરમાં શોકની લાગણી ફેલાઈ છે.

સ્વર્ગસ્થે વર્ષો સુધી ઉનાવા ગામના સરપંચપદે તેમજ તાલુકા અને જિલ્લાની સામાજીક, શૈક્ષણિક, સહકારી સહિત અન્ય સંસ્થાઓમાં હોદ્દેદાર તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત ઊંઝા બજાર સમિતિ અધ્યક્ષપદે પણ રહ્યા હતા. તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી ઉનાવા બજાર સમિતિના ચેરમેનપદે સેવા આપી રહ્યા હતા. બીકેના હૂલામણા નામથી લોકોમાં ચાહના મેળવનાર સદ્ગતના અવસાનથી તાલુકા અને જિલ્લામાં એક પીઢ સહકારી અગ્રણીની ખોટ પડી છે. સદ્ગતની સ્મશાન યાત્રામાં તાલુકા જિલ્લાના પ્રજાના પ્રતિનિધિઓ, સહકારી આગેવાનો, સમાજના અગ્રણીઓ ગામના નાગરિકો, મિત્રો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.



કાંકરેજ તાલુકાના આકોલી ગામે ઉદય એજ્યુકેશન ટ્રસ્ટ શિહોરી દ્વારા ગુજરાત બાયોડાયર્વસીટી અંતર્ગત ભવ્ય કાર્યક્મનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટે ૧૦ ગામોને દત્તક લઈ એક અનેરૂ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે ગુજરાત બાયો ડાયર્વસીટી બોર્ડના ડાયરેક્ટર અને ચેરમેન ડૉ. એ.પી. સિંઘ, મુખ્ય વન સંરક્ષણ અને સભ્ય સચિવ ડૉ. એસ.બી. ટીક્કા, ડૉ. અશોક પટેલ, ભગવાનદાસ ઠક્કર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : આશારામ રાવલ, શિહોરી)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ


AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર


મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY





સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦